
કોર્ટમાં કારખાનું

(ફેક્ટરી ઈન્સ્પેક્ટોરેટ દ્વારા કરાતા કોર્ટકેસનો અભ્યાસ)



કોર્ટમાં કારખાનું

પ્રત :

૫૦૦

પ્રથમ આવૃત્તિ :

૧૯૯૭

સ્વૈચ્છિક યોગદાન :

રૂા. ૧૦

પ્રકાશક :

પીપલ્સ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર
૪૩, શ્રીનાથધામ ડુપ્લેક્ષ,
દિનેશ મીલ પાછળ,
વડોદરા-૩૯૦ ૦૦૭

માત્ર મર્યાદિત વિતરણ માટે

આભાર :

નવીન છત્રોલા ○ નિરંજના ○ રતિલાલ મીસ્ત્રી
નિખિલ મીસ્ત્રી ○ અશોક રાઠી ○ પ્રીતિ

કારખાના કાયદો

ઐતિહાસિક ભૂમિકા :

કારખાનાંઓમાં થતા અકસ્માતો રોકવા અને કારખાનાંઓમાં આરોગ્યપ્રદ પરીસ્થિતિ કામદારોને પૂરી પાડવાના ઉમદા હેતુસર ઈન્ગ્લેન્ડમાં સન 1819માં કારખાના ધારો ઘડવામાં આવ્યો. તે પછી માંચેસ્ટરના કાપડમીલના માલિકોએ ભારતની મીલો અને ઈન્ગ્લેન્ડની મીલો વચ્ચે, ભારતમાં કારખાના કાયદો ન હોવાના કારણે, અસમાન હરીફાઈ થતી હોવાનો ગોકીરો કર્યો તો બીજી તરફ ભારતની મીલોમાં થતા અકસ્માતો રોકવાના અને બાળમજૂરી ઘટાડવાના હેતુસર કામદાર આગેવાન શ્રી લોખંડે અને તેમના સાથીદારોએ ભારતમાં કારખાના ધારો લાગુ પાડવા કરેલી માગણીને કારણે આખરે ભારતમાં પણ સન 1851માં કારખાનાનો કાયદો અમલમાં આવ્યો. આ કાયદામાં સ્ત્રીઓ અને બાળકોની કામની શરતો અને યંત્રના ફરતા ભાગોને ગાર્ડ કરવા જેવી બાબતો હતી. આમ યંત્રના ફરતા ભાગોને ગાર્ડ કરવાની જોગવાઈ 115 વર્ષ જૂની છે. કારખાના ધારાની કલમ 21 મશીનના ફરતા ભાગોને વાડ કરવા અંગેની છે. અને રાજ્ય સરકારે તેના અનુસંધાનમાં નિયમ 54માં અનુસૂચિ 1 થી 7 માં વિવિધ મશીનોને વાડ કરવા અંગે વિશેષ જોગવાઈઓ કરી છે. તેમ છતાં, આ કલમનો ભંગ થવાને કારણે સેંકડો કામદારો ઈજા પામે છે અને કેટલાક મૃત્યુ પામે છે. 115 વર્ષ જૂની જોગવાઈનો પણ સંપૂર્ણ પાકો અમલ કરવા જેટલો પકવ આ સમાજ હજુ બન્યો નથી તેની સખેદ નોંધ લેવી પડે છે.

સ્વરૂપ :

કારખાનાનો કાયદો આરોગ્ય (કલમ 11 થી 20) સલામતી (કલમ 21 થી 41), કલ્યાણ (ક. 42 થી 50), કામના કલાકો (ક. 51 થી 66), કિશોર વયની વ્યક્તિઓને કામે રાખવા અંગે (ક. 67 થી 77), પગાર સાથેની રજાઓ (ક. 78 થી 84), વિશેષ જોગવાઈઓ (ક. 85 થી 91), દંડ (ક. 92 થી 106) તેમજ પૂરવણી (ક. 107 થી 120) એમ 11 પ્રકરણોમાં ફેલાએલો છે. આ 120 કલમો ઉપરાંત રાજ્ય સરકારે 114 નિયમો બનાવ્યા છે.

ભૂમિકા

18મી સદીમાં યુરોપમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિ અને આ દેશમાં યુરોપીયન શાસકોને પરિણામે આજે ઉદ્યોગો અને ઔદ્યોગિક ઉત્પાદન સમાજનું મહત્વનું અંગ બન્યા છે. તેમ છતાં એનું અનિવાર્ય અંગ ગણાતા ઔદ્યોગિક કામદારોને સમાજમાં હજુ મહત્વનું સ્થાન મળ્યું નથી. ગણ્યાગાંઠ્યા સરકારી / ખાનગી ઉદ્યોગોને બાદ કરતાં કરોડો કામદારો અસંગઠીત રહ્યા છે અને તેથી કામની નબળી શરતો નિભાવી રહ્યા છે. કામની શરતોમાં આર્થિક પરિબળો ઉપરાંત કામ કરવાની જગ્યા અને વાતાવરણ સલામત અને આરોગ્યપ્રદ હોવાં જોઈએ. પરંતુ એ ક્ષેત્રે આપણે હજુ ઘણા પછાત છીએ. કામદારોની રાજકીય જાગૃતિ ઓછી હોવાને કારણે તેમના સબળ પ્રતિનિધીઓ સંસદ - વિધાનસભા - કોર્પોરેશન વિગેરે નીતિ-નિર્ણય કરનારી સંસ્થાઓ સુધી પહોંચી શકતા નથી. પરિણામે સમય સાથે કદમ મીલાવે તેવાં કાયદા એક તરફ થતા નથી તો બીજી તરફ જે કાયદા છે તેનું અસરકારક અમલીકરણ થાય છે કે કેમ એ પણ બરાબર જોવાતું નથી.

ગુજરાત વિધાનસભામાં વાઘોડીયાના વિધાનસભ્ય શ્રી મધુભાઈ શ્રીવાસ્તવે વિધાનસભામાં તારાંકીત સવાલ પૂછી, આ બાબતે ધ્યાન દોર્યું. વડોદરાની કારખાના નિરીક્ષણ કચેરીએ 1995નાં વર્ષમાં આરોગ્ય અને સલામતિ બાબતે શી કામગીરી કરી તેવા પ્રશ્નના જવાબમાં 97 કારખાનાં સામે કરેલી 140 ફરિયાદોની યાદી આપવામાં આવી હતી. સરકારે આપેલા જવાબનું પૃથક્કરણ કરી કેટલીક નક્કર હકીકતો બહાર લાવવાનો આ સંશોધનલેખનો પ્રયાસ છે. ઔદ્યોગિક સલામતિ અને આરોગ્ય વિશે સંશોધનને ઘણો અવકાશ છે. એ તરફ સમાજનું ધ્યાન કેન્દ્રીત કરવાનો પણ આ એક પ્રયાસ છે. આ ક્ષેત્રે જો કે ધીમે ધીમે જાગૃત્તિ આવતી જાય છે તેની નોંધ લેવી રહી.

- જગદીશ પટેલ

અમલીકરણ તંત્ર :

કારખાના કાયદાનું અમલીકરણ રાજ્ય સરકારે કરવાનું હોય છે. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ મજૂર કમીશ્નરની એ જવાબદારી બને. મજૂર કમીશ્નરની આગેવાની હેઠળ મુખ્ય કારખાના નિરીક્ષકનું આખું માળખું છે. રાજ્યનાં બાવીસ હજાર જેટલાં નોંધાએલાં કારખાનાંઓમાં નિરીક્ષણ કરવાની તેમની જવાબદારી છે. રાજ્યમાં 14 જેટલી કચેરીઓમાં 96 જેટલા વિવિધ નિરીક્ષકો છે. આ નિરીક્ષકો એ કારખાના કાયદો અને નિયમ ઉપરાંત વેતન ચૂકવણી ધારો, પ્રસૂતિ સહાયનો કાયદો અને નિયમો, અપંગ વ્યક્તિ અધિનીયમ, પ્રદૂષણ નિયંત્રણ કાયદો જેવા બીજા 9 જેટલા કાયદાઓનો અમલ કરાવવાનો હોય છે. આપણા નાગરિકોમાં કાયદાનો અમલ કરવા અંગેની જાગૃતિ - જાણકારી - સમજના સંદર્ભમાં બાવીસ હજાર ઔદ્યોગિક એકમોમાં 10 જેટલા કાયદાની સેંકડો કલમો અને સેંકડો નિયમોના અમલીકરણની જવાબદારી 96 જેટલા નિરીક્ષકો પૂરતા કે અપૂરતા કહેવાય તે બાબત મેનેજમેન્ટ નિષ્ણાતો ઉપર છોડીએ તો પણ વિશ્વ મજૂર સંસ્થાના પ્રમાણ મુજબ દર 150 કારખાનાંએ એક નિરીક્ષક જોઈએ તે મુજબ 146 નિરીક્ષકોની ગુજરાતને જરૂર પડે. આમ આ એક પડકારરૂપ કામગીરી તો ચોક્કસપણે લાગે છે.

કામદારોના અનુભવો અને ઈજા / અકસ્માતના આંકડા જોતાં કારખાના કાયદા / નિયમોનું અમલીકરણ નબળું હોવાની છાપ ઉપસે છે. કાયદાની પોતાની નબળાઈઓ વિશે ચર્ચા ન કરીએ તો પણ જે સ્વરૂપમાં કાયદા છે તે સ્વરૂપમાં તેના અમલીકરણના કામમાં વહીવટીતંત્રની નબળાઈઓ અને અધિકારીઓની પોતાની સજ્જતા - જાગૃતિ - વલણો બંનેનો આગવો ફાળો હશે. રાજકીય ઈચ્છાશક્તિ અને રાજકીય દખલગીરી બંને જુદાં છે અને બંનેનો સમગ્ર પ્રજાજીવન પર પ્રભાવ છે તે આ ક્ષેત્રમાં પણ હોવાનો.

કાયદાના સારા અમલને જેમ નાગરિકોની (અહીં માલિકો) જાગૃતિ-જાણકારી સમજ સાથે સંબંધ છે તેમ નિરીક્ષણોની સંખ્યા, કાયદા / નિયમની જોગવાઈના ભંગ બદલ થતા કેસની સંખ્યા તેમજ સજાની ગુણવત્તા સાથે સીધો સંબંધ છે. ઉપર જોયું તેમ અસંખ્ય કાયદા / નિયમો અને નબળા વહીવટી તંત્રને કારણે કાયદાઓ જે હેતુઓ માટે ઘડવામાં આવે છે તેનો મૂળભૂત હેતુ બર નથી આવતો. કારખાના કાયદાનો મૂળભૂત હેતુ કામદારોના આરોગ્ય અને સલામતિના રક્ષણનો છે. એટલે કે અકસ્માતના બનાવો બને જ નહિ અથવા ઓછા બને, શ્રમીકો તેનો ભોગ બને જ નહિ અથવા ઓછામાં ઓછો ભોગ બને. પણ, અહીં કાયદો એ માટે મદદ કરવાને બદલે, બનાવ બન્યા બાદ કાનૂની પગલાં લેવામાં, આક્ષેપો ઘડવામાં કામ લાગે છે.

સજાની જોગવાઈઓ :

બનાવ બન્યા બાદ કાનૂની કાર્યવાહી અર્થે જે આક્ષેપો ઘડવામાં આવે છે તેનું આગવું મહત્ત્વ છે અને તેનો પ્રભાવ, તે પછીની સમગ્ર કામગીરી ઉપર પડે છે. આક્ષેપો ઘડવાના સમયે નિરીક્ષકોની સજ્જતા - જાગૃતિ - વલણો મહત્વના બને છે. અગાઉ જ્યારે દંડની રકમો નાની હતી ત્યારે ગુનાનો સ્વીકાર કરી દંડ ભરી દેવાનું માલીકોનું વલણ રહેતું, જેથી કરીને કાનૂની કાર્યવાહીમાં નકામો સમય ન બગડે.

1987માં કાયદામાં કેન્દ્ર સરકારે સુધારા કર્યા. તે મુજબ હવે, કલમ 92 મુજબ, કાયદાની જોગવાઈઓનો ભંગ પૂરવાર થાય તો કસુરવારને રૂા. 1 લાખ સુધીનો દંડ અથવા 2 વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. પણ પ્રકરણ 4ની કલમો અથવા કલમ 87 હેઠળ જાહેર થયેલ જોખમી પ્રકીયાઓ ધરાવતાં એકમો માટે બનાવેલ નિયમોની જોગવાઈઓનો ભંગ થાય અને તે કારણે જીવલેણ અકસ્માત અથવા ગંભીર શારીરિક ઈજા થઈ હોય તો ઓછામાં ઓછા 25 હજાર રૂપીયાના દંડની જોગવાઈ છે.

કારખાના નિરીક્ષણ કચેરીની કામગીરી :

કારખાના નિરીક્ષણ કચેરી, વડોદરા દ્વારા વડોદરા જિલ્લામાં 1995માં થયેલી કામગીરી અંગે વિધાનસભામાં અપાયેલી માહિતી દ્વારા જાણવા મળે છે કે વડોદરા જિલ્લાનાં કારખાનાંઓમાં નિરીક્ષણો કરી કારખાના નિરીક્ષકોએ કારખાના કાયદો / નિયમોના ભંગ બદલ 97 કારખાનાં સામે 140 કેસ કોર્ટમાં દાખલ કરેલ છે.

પ્રાણઘાતક અકસ્માતો :

વડોદરા જિલ્લામાં વર્ષ 1995માં કુલ 15 જેટલા પ્રાણઘાતક અકસ્માતો કારખાના નિરીક્ષણ કચેરીમાં નોંધાયેલા હોવાનું જાણવા મળે છે. (જુઓ અનુસૂચિ - 1) 15 પ્રાણઘાતક અકસ્માતમાંથી આઠ પ્રાણઘાતક અકસ્માતો બાદ જે તે કારખાનાની મુલાકાત દરમિયાન કાયદાની જોગવાઈઓનો ભંગ જણાયો જેણે કોઈક રીતે પ્રાણઘાતક અકસ્માત તરફ દોરી જવામાં મદદ કરી. આમ સાત કારખાનામાં કાયદાની કોઈ જોગવાઈનો ભંગ થયો ન હોવા છતાં પ્રાણઘાતક અકસ્માત થયો. આમ 47 ટકા જેટલા બનાવોમાં કાયદો પ્રાણઘાતક અકસ્માત અટકાવવામાં મદદરૂપ નિવડ્યો નથી. કાયદાને એટલો નબળો માનવો ? દરેક અકસ્માતની વિગતોમાં ઊંડા ઉતરીએ અને પૂરતી માહિતી મળે તો જ એનો સંતોષકારક જવાબ આપી શકાય. આખા રાજ્યમાં થતા કુલ પ્રાણઘાતક અકસ્માતમાં પણ જો આ જ તરાહ હોય તો મને લાગે છે કે, બાબત ઘણી ગંભીર અને તુરત જ એ તરફ ધ્યાન કેન્દ્રીત કરવા જેવી ગણાય.

જે આઠ બનાવમાં જે તે કારખાનાં સામે કેસ કરાયા છે તેમાં કાયદાની કઈ જોગવાઈનો ભંગ હતો તે જોઈએ.

પ્રાણઘાતક અકસ્માતોના બનાવમાં થયેલ કેસની વિગત

એકમ	નિરીક્ષકની મુલાકાતની તારીખ	કેસની સંખ્યા	કઈ જોગવાઈના ભંગ બદલ કેસ થયો.
અંબર સુગર	02-01-95	2	ક.61(6), ક.61(1)C(i)
ફાયબર સ્ટીલ મકરપુરા	12-01-95	1	ક.7a-2a
પપ્પુ પ્રોડક્ટ	31-01-95	1	ક.21(1)4b
લખનપાલ	28-02-95	1	ક.32(c)
સત્યદેવ	31-05-95	1	નિ.102-12(4)
જામ્બુ ઓર્ગેનીક્સ	22-06-95	2	ક.32(c)નિ.103(1)
સ્ટાન્ડર્ડ પેસ્ટીસાઈડ	09-07-95	3	નિ.102-15(12)
અમર સુગર	25-12-95	?	માહિતી નથી.

જંતુનાશક ઝેરી રસાયણો બનાવતા સ્ટાન્ડર્ડ પેસ્ટીસાઈડ નામના કારખાના અને સત્યદેવ કેમીકલ્સમાં કામદારને સુરક્ષાના સાધનો પૂરાં પાડવાની જોગવાઈનો ભંગ થયો છે. સુરક્ષાના સાધનો કામદારો પહેરતા નથી એ બાબતે ભારે હો - હા કરવામાં આવે છે અને તેમણે સુરક્ષાના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ તેવા એકમાત્ર સંદેશાનું સતત રટણ કરતા ઉપદેશાત્મક તાલીમ કાર્યક્રમોની ભરમાર ચલાવાય છે. ત્યારે અહીં કારખાના નિરીક્ષક બે કારખાનાં સામે સુરક્ષાનાં સાધનો ન આપવાને કારણે પ્રાણઘાતક અકસ્માત થયો હોઈ કેસ કરે છે. જામ્બુ ઓર્ગેનિક નામના કારખાના ઉપર એવો આક્ષેપ છે કે એણે અકસ્માત થયાની જાણ કા. નિ. કચેરીને કરી નથી. બે કારખાનાંએ ઊંચાઈ પર કામ કરાવતી વખતે જરૂરી સલામતિની જોગવાઈ કરી ન હતી તે કારણે જીવલેણ અકસ્માત થયો અને તેમની સામે એ અંગેની જોગવાઈના ભંગ બદલ કેસ થયા. (લખનપાલ અને જામ્બુ ઓર્ગેનીક્સ) એક કારખાના સામે મશીનના

ફરતા ભાગોને યોગ્ય વાડ કરવાની જોગવાઈના ભંગ બદલ અને અન્ય એક કારખાનાએ પ્રેશરગેજ લગાડવાની અને પ્રેશરવેસલની વાર્ષિક ચકાસણી કરી ભરવા જોઈતા ફોર્મ નં. 11 ના ભંગ બદલ કેસ થયા છે. આ બધી બાબતોમાં ખાસ મોટું ખર્ચ નથી. થોડી કાળજી કાયદા પાલનની લેવાઈ હોત તો આઠ જેટલા અમૂલ્ય માનવજીવન બચાવી શકાત.

આ બધા કિસ્સાઓમાં ગુનો પૂરવાર થાય તો ઓછામાં ઓછા રૂપિયા પચીસ હજારના દંડની જોગવાઈ છે. સાત કંપનીઓમાંથી એક કંપની સામે 3, 2 કંપની સામે 2, 4 કંપની સામે 1 મળી કુલ 11 કેસ થયા છે. એક કંપની સામેના કેસની માહિતી નથી. કુલ 140 કરાયેલ કેસોમાંથી 11 એટલે કે 7.86 ટકા કેસ પ્રાણઘાતક બનાવોને કારણે નોંધાયા છે. આમાંથી એકેય કારખાનું ગંભીર અકસ્માતનું જોખમ ધરાવતાં નથી.

નોંધણી ન પામેલા પ્રાણઘાતક અકસ્માતો :

કારખાનામાં થતા અકસ્માતોની જાણ કારખાના નિરીક્ષકને કરવાની રહે છે. એ માટે ક. 88 અને નિયમ 103માં જોગવાઈ કરવામાં આવી છે. કારખાનું એને કહેવાય કે કોઈ મકાનમાં 10 કે તેથી વધુ કામદારો વિજળીની મદદથી (અથવા 20 કે તેથી વધુ કામદારો વગર વિજળીએ) ઉત્પાદનનું કામ કરતા હોય. ઉત્પાદન એટલે શું એની પણ વ્યાખ્યા આપી છે. કામદારની વ્યાખ્યા ઘણી જ વિસ્તૃત છે. એ મુજબ કોન્ટ્રાક્ટ / કેજ્યુઅલ / એપ્રેન્ટીસ તમામ પ્રકારના કામદારોનો સમાવેશ થાય છે. 1995ના અખબારોમાં પ્રાણઘાતક અકસ્માતોના પ્રગટ થયેલા કેટલાક કિસ્સા સ્થાનિક કારખાના નિરીક્ષણ કચેરીની યાદીમાં સમાવેશ પામ્યા નથી. 95ના વર્ષમાં રીલાયન્સના હજીરા એકમ ખાતે જે દુર્ઘટના સર્જાઈ ત્યારે એ બાંધકામ દરમિયાન થયેલ બનેલો બનાવ છે, અને બાંધકામ એ ઉત્પાદન પ્રવૃત્તિ ન ગણાય તેથી રીલાયન્સવાળી ઘટના કારખાના ધારાના વ્યાપમાં આવે નહિ એમ કામદાર નિરીક્ષણ કચેરીના એક ઉચ્ચ અધિકારીએ અમને રૂબરૂ વાતચીત દરમિયાન કહેલું. માલિકો અને નિરીક્ષકો માટે આ એક લપસણી ભૂમિ છે. "ઉત્પાદન પ્રક્રિયા સાથે સંકળાયેલ બનાવ નથી." એમ ખપાવી નોંધણી કરવાનું ટાળી શકાય છે. કોઈક બનાવમાં એ વાજબી અને કાયદેસર હશે પણ ક્યાંક ગેરરીતીની પણ ઘણી સંભાવના છે. જે કારખાનું બાંધકામ હેઠળ હોય. ઉત્પાદન પ્રક્રીયા હજુ શરૂ થઈ જ ન હોય ત્યાં બાંધકામ દરમિયાન થયેલ અકસ્માત કારખાનામાં થયેલા ન ગણાય તે સમજી શકાય. પણ, જે કારખાનું કા. ધારા નીચે નોંધાએલું હોય, ત્યાં વિસ્તરણ / ફેરફારો માટે ચાલતા બાંધકામ દરમિયાન થતા અકસ્માતોની નોંધણી

કા. નિ. કચેરી ન કરે તે કાયદાના મૂળહેતુ વિરૂદ્ધનું લાગે છે. વળી, "બાંધકામ"માં કઈ કઈ પ્રવૃત્તિઓ આવે તે પણ સ્પષ્ટ થવું જોઈએ 1995નાં અખબારી કારણો દ્વારા 19 પ્રાણઘાતક અકસ્માતોની માહિતી મળે છે. આ યાદીને કા. નિ. કચેરીની પ્રાણઘાતક અકસ્માતોની યાદી સાથે સરખાવતાં આ બાબત વધુ સ્પષ્ટ થશે.

એ મુજબ : પેરાગોન ઈન્ડ. (10/02/95), ગુજરાત ક્વીન (10/03/95), શ્રીનાથજી પ્લાસ્ટીક (22/03/95), મોડર્ન પેટ્રોફીલ્સ (01/04/95), સારાભાઈ કેમીકલ્સ (03/06/95), આઈ. પી. સી. એલ (06/07/95), દર્શના ફેબ્રીકેશન (25/08/95), અમર ઓટોરીક્ષા (05/09/95), મમરા ફેક્ટરી (09/12/95), અને રૂપલ સુગર (29/12/95) - જેવા 10 બનાવો કા. નિ. કચેરીની યાદીમાં નથી. શક્ય છે કે આમાંથી કેટલાંક એકમો કારખાના કાયદા નીચે નોંધાયાં નહિ હોય. પણ પેરાગોન, મોડર્ન પેટ્રોફીલ્સ, આઈ.પી.સી.એલ, સારાભાઈ, રૂપલ સુગર જેવા બનાવો ન નોંધાય તે વધુ પડતી ઉદારતા હોવાનું લાગે છે. આ પાંચ બનાવો યાદીમાં ઉમેરાય તો કુલ બનાવનો આંકડો 15 થી 20 પર પહોંચે છે અને એ 20 માંથી ફક્ત 7 એકમો પર કેસ થયા હોય તો 65 % એકમો પર પ્રાણઘાતક અકસ્માત છતાં કોઈ કાનૂની પગલાં લેવાતાં નથી એમ કહી શકાય. વળી, કેટલાય બનાવો અખબારમાં પ્રગટ થયા નથી અથવા અમે જે અખબાર અભ્યાસ માટે પસંદ કર્યું છે તેમાં પ્રગટ થયા ન હોય. કા. નિ. કચેરીને અકસ્માતના સમાચાર જ ન પહોંચાડવા બદલ કેટલાંક એકમો 95માં દંડાયાં છે. પણ કેટલાંક એમાંથી પણ ઉગરી ગયા હોવાથી શક્યતા નકારી ન શકાય. જો કે પ્રાણઘાતક અકસ્માતના રીપોર્ટીંગમાંથી બચવાનું કેટલું શક્યછે તે કહેવું મુશ્કેલ છે.

મેજર એક્સીડન્ટ હેઝાર્ડ યુનીટ :

રાજ્યમાં 250 જેટલા ઔદ્યોગિક એકમોને કારખાના નિરીક્ષણ કચેરી દ્વારા અકસ્માતનું ભારે જોખમ ધરાવતા હોવાનું જાહેર કરાયું છે. તેમાંથી વડોદરા જિલ્લામાં 55 એકમો આવેલાં છે. મોટા અકસ્માતનું જોખમ હોય ત્યાં સલામતિની જોગવાઈઓનું કડકાઈપૂર્વકનું પાલન ન થાય તો જાહેર જનતા માટે ભારે આફતરૂપ બનવા સંભવ છે તેથી કારખાના નિરીક્ષણ કચેરી પણ આવા એકમો ઉપર વિશેષ ધ્યાન આપે તે સ્વાભાવિક છે. 55માંથી એકેય એકમમાં સરકારી માહિતી મુજબ પ્રાણઘાતક અકસ્માત થયો નથી. જો કે જે કારખાનાંઓ કારખાના કાયદા હેઠળ નોંધાયેલા હોય, અખબારે એ કારખાનામાં પ્રાણઘાતક અકસ્માત થયાના અહેવાલ આપ્યા હોય પણ કા. નિ. કચેરીએ તેવા અકસ્માત નોંધ્યા ન હોય તેની વાત અમે કરતા નથી.

મેજર એક્સીડન્ટ હેઝાર્ડ યુનીટ પરના કેસની વિગત

	એકમ	મુલાકાતની તારીખ	જોગવાઈ ભંગ	કેસની સંખ્યા
1	નંદેસરી રસાયણી પ્રા. લિ.	27-1-95	નિ.102-12(5)	1
2	ઈન્ટરનેશનલ ડાયસ્ટફ	16-3-95	ક. 21(1)4b	2
3	અવની એસ્ટર્સ	7-6-95	નિ. 102-12(5)	1
4	બરોડા કેમી ઈન્ડ. લિ.	7-6-95	ક. 40(1)	1
5	ગુજરાત પેસ્ટીકેમ	19-8-95	નિ. 102-15(6)	1
6	અશોક પ્લાસ્ટીક ઈન્ડ.	18-8-95	નિ. 102-11(5)	1
7	યુનાઈટેડ કેમીકલ્સ	2-11-95	નિ. 102-12(5) ક. 60(2) ક. 40(1)	3
8	સારાભાઈ એમ. કેમીકલ્સ	28-4-95	ક. 28-1(c) ક. 28-1(a-ii)	2
9.	ગુજરાત ફર્ટીલાઈઝર (પોલીમર)	23-11-95	ક. 28-1-(a-ii) ક. 28-1-(e) ક. 36-2-(b) ક. 28-1-(c)	4

જોખમી એકમોમાંથી 9 એકમો ઉપર કાયદાભંગ અંગે કેસ કરાયા છે. 5 એકમો પર 1 કેસ, અને 2 એકમ પર 2 કેસ, 1 એકમ પર 3 કેસ અને 1 એકમ પર 4 કેસ મળી કુલ 16 કેસ થયા છે.

કેવી જોગવાઈઓના ભંગ બદલ કેસ થયા છે એ પણ જોઈ લઈએ. ત્રણ કારખાના સામે જલદ તેજાબ / આલ્કલીની પ્રકીયા નજીક પાણીના કુવારા ગોઠવવાની જોગવાઈના ભંગ બદલ કેસ થયા છે. ઝેરી રસાયણોનું ઉત્પાદન કરતા બે એકમો સામે ઝેરી રસાયણો કાર્યસ્થળમાં છૂટથી હરે ફરે નહિ તે માટે લગાવવો જોઈતો એક્ઝોસ્ટ

લગાવ્યો ન હોવાને કારણે કેસ થાય છે. મોટરોના પુલી / પટ્ટાને ગાર્ડ ન કરવા માટે એક સામે કેસ થયો છે. જી.એસ.એફ.સી. જેવી જાહેરક્ષેત્રની કંપની ઉપર ચાર કેસ કરવા પડ્યા છે તે બાબત ઘણી સૂચક છે. અકસ્માતનું મોટું જોખમ ધરાવતાં એકમો પુલી-પટ્ટાને ગાર્ડ લગાવવાની પણ ક્ષમતા ન ધરાવતાં હોય તો સમગ્ર સમાજે ખાસ ચેતવા જેવું ગણાય.

નિરીક્ષકોની પ્રાથમિકતાઓ :

આ કારખાનાંઓ કેવી કલમોનો ભંગ કરે છે જે બદલ તેમની સામે કેસ કરવા જેવાં ગંભીર પગલાં ભરાય છે ? અથવા નિરીક્ષકો કઈ જોગવાઈઓના ભંગને ગંભીર ગણે છે અથવા એમને કઈ બાબતોના ભંગમાં કેસ કરવામાં રસ પડે છે. તેમની પ્રાથમિકતાઓ કઈ છે અથવા કઈ જોગવાઈઓનો ભંગ તુરત તેમની નજરે પડે છે એ પણ જાણવું જોઈએ. 140 કેસ થયા છે. તેમાં સલામતિ અંગે (પ્રકરણ 4)ની કલમ 21 થી 41માંથી ફક્ત 8 કલમોના ભંગ બદલ 56 કેસ થયા છે. એ પછી ગુજરાત કારખાના નિયમોના ભંગ બદલ 67 કેસ થયા છે. 67માંથી 31 કેસ તો નિયમ 102 હેઠળની વિવિધ અનુસૂચિઓની જોગવાઈઓના ભંગ માટે છે. 20 કેસ નિયમ 61ની જોગવાઈઓના ભંગ બદલ છે, નિયમ 60 ના ભંગ માટે 12 કેસ છે.

નિયમ 61 પ્રેશર પ્લાન્ટ અંગે છે. સૌથી વધુ કેસ નિયમ 61 (6)ના ભંગ માટે થયા છે (14 કેસ) પ્રેશર પ્લાન્ટની માન્ય ઈજનેર પાસે તપાસ કરાવી ફોર્મ નં. 11માં તેનો અહેવાલ લખવાનો હોય છે. એ ફોર્મ નિયમીત ન ભરનારની સામે કેસ થવાના સંજોગો ઉજળા છે. નિયમ 60 (2)ના ભંગ બદલ 12 કેસ થયા છે. આ જોગવાઈ મુજબ માલીકે ચેઈન પુલી બ્લોક, તેના વાયર અથવા ઊંચકવાનાં અન્ય સાધનોની માન્ય ઈજનેર દ્વારા તપાસ કરાવી ફોર્મ નં. 10 ભરવાનું હોય છે. આ વિગત તો 1995માં વડોદરા જિલ્લામાં જે થયું તેની છે. પણ તા. 3-7-94ના અખબારમાં અમદાવાદ શહેરનાં બાવન કારખાનાં સામે કરાએલા 114 કેસોની વિગત અપાઈ છે. તેમાં પણ મુખ્યત્વે મશીનરીના ભયજનક ભાગો અને ટ્રાન્સમીશન મશીનને વાડ કરવા અંગે, હોઈસ્ટ-લીફ્ટ, ઊંચકવાના સાધનોની સલામતિ, પ્રેશર પ્લાન્ટની સલામતિ અંગેના જ કેસ થયા હોવાની, એટલે કે એ જ કલમ 21, નિયમ 60, 61ના ભંગ માટે કેસ થયાની, છાપ ઉપસે છે.

નિયમ 102 મુજબ રાજ્ય સરકારે કેટલીક પ્રક્રિયાઓને જોખમી પ્રક્રિયાઓ તરીકે જાહેર કરી છે અને તે દરેક માટે સલામતિની વિસ્તૃત જોગવાઈઓ કરેલી છે. વડોદરા

જિલ્લામાં 1995ના વર્ષમાં, ઉપર જણાવ્યું તે મુજબ, નિયમ 102ની વિવિધ અનુસૂચિઓની જોગવાઈઓના ભંગ માટે 31 કેસ થયા છે. તેમાં સૌથી વધુ કેસ અનુસૂચિ 12 (એસીડ અને આલ્કલીનો વપરાશ / ઉત્પાદન / હેરફેર કરતાં એકમો માટે)ની વિવિધ જોગવાઈઓના ભંગ માટે કુલ 12 કેસ થયા છે તેમાંથી 10 તો પેટા નિયમ 5 (પાણીનું શાવર, પ્રક્રિયા ચાલતી હોય તેની નજીક ગોઠવવા અંગે) ના ભંગ માટે છે કારખાના માલિકો, એસીડ / આલ્કલીથી દાઝી જવાનું ગંભીર જોખમ છતાં પાણીના ફુવારા મુકવા પણ તૈયાર નથી. એ પછી અનુસૂચિ 24ની જોગવાઈઓના ભંગ માટે 10 કેસ થયા છે. આ અનુસૂચિ વેલ્ડીંગ કટીંગના કામમાં સાવચેતી માટેની છે. એ સિવાય અનુસૂચિ 3, 8, 10 અને 15ની જોગવાઈઓના ભંગ માટે અન્ય 9 કેસ થયા છે.

આ વાત તો થઈ ગુજરાત કારખાના નિયમો, અંગે પણ કાયદાની કઈ કલમો માલીકો માટે જોખમકારક નિવડે છે તે પણ જાણવું જરૂરી છે. જુદી જુદી ફક્ત 8 કલમોનો જ ઉપયોગ 56 કેસ કરવા માટે થયો છે. તેમાંથી 26 કેસ કલમ 21 ના ભંગ બદલ થયા છે. કલમ 21 (1) 4 બી માટે 17 અને 21 (1) 4 સી માટે 9 કેસ થઈને 26 કેસ થયા છે. કલમ 21 (1) 4 બી એ ટ્રાન્સમીશન મશીનરીને વાડ (ગાર્ડ) કરવા અંગે છે અને 4 સી મશીનના ગમે તે જોખમી ભાગને વાડ કરવા સંબંધી છે. લેખની શરૂઆતમાં જોયું તેમ આ કલમ એક સદી કરતાં વધુ સમયથી હોવા છતાં સૌથી વધુ ભંગ તેનો જ થાય છે. માલીકો સલામતી માટે તદ્દન પ્રાથમિક જરૂરિયાત કહેવાય તેવા ગાર્ડ પણ પૂરા પાડવા રાજી નથી તે એક હકીકત છે. 10 કેસ કલમ 37 (1) સી ના ભંગ બદલ થયા છે. આગ સામે રક્ષણ માટેની આ જોગવાઈમાં તણખાના સ્ત્રોતોને અસરકારક રીતે ઢાંકવા સંબંધે છે. ઊંચાઈ ઉપરથી પડવાને કારણે થતા જીવલેણ અકસ્માતનો આંકડો જો કે ઉપલબ્ધ નથી છતાં પ્રાપ્ત માહિતી ઉપરથી એ આંકડો ઘણો ઉંચો છે. કલમ 32(c) માં એ માટે જોગવાઈ છે. એના ભંગ બદલ ફક્ત પાંચ કેસ વડોદરા જિલ્લામાં ગયા વર્ષે થયા છે.

કાયદાની અમુક જ કલમો અથવા નિયમો કારખાના નિરીક્ષકોને કેસ કરવા માટે શાથી આકર્ષે છે તે સમજાતું નથી. કદાચ ઉચ્ચ અધિકારીઓ દ્વારા માર્ગદર્શક સૂચનો થયાં હશે અથવા થતાં હશે. પણ હવે, એમાં પરિવર્તનનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. 23-8-96ના ઈન્ડીઅન એક્સપ્રેસના અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિભાગનાં 85 કારખાનાં સામે છેલ્લા છ માસમાં કુલ 385 કેસ થયા છે. અહેવાલ મુજબ "પોટરી ઉદ્યોગ પર,

હવે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે, જ્યાં બાળમજૂરોને કામે રખાય છે. ઘણાં કારખાનાંમાં એકેય અગ્નિશામક હોતો નથી કે પ્રાથમિક સારવાર માટે જરૂરી સગવડો નથી હોતી. કામદારો રસાયણનાં કે ડાઈઝનાં નાનાં કારખાનાંમાં ઉઘાડા પગે ફરતા હોય છે તેથી તેમને ચામડીના રોગો થાય છે અને તેઓ સંવેદનશીલતા ગુમાવે છે. માલીકો અકસ્માતના બનાવોને છુપાવતા હોય છે." આમ બાળમજૂરો, પોટરી ઉદ્યોગ, અગ્નિશામક, કામદારના ખુલ્લા પગ કે ચામડીના રોગો તરફ નિરીક્ષકોનું ધ્યાન જવું અને કેસ થવા તે બાબત સૂચક છે.

ઉદ્યોગનો પ્રકાર અને કાયદાભંગ :

કુલ 97 કારખાના ઉપર 1995માં કેસ થયા છે. જેમનાં નામ અને ઔદ્યોગિક વિસ્તારની માહિતી સરકારે આપેલા જવાબમાંથી મળે છે. નામ ઉપરથી 15 કારખાનાં ક્યા ઉદ્યોગવર્ગમાં મુકવા તે સમજાતું નથી. બાકીનાં 82 માંથી 45 જેટલાં એકમો રસાયણ એકમો છે (રસાયણ, દવા, જંતુનાશક, રંગ, સાબુ વિગેરે) અને ૨૭ એન્જીનીયરીંગ એકમો છે.

ઉદ્યોગનો પ્રકાર અને કેસ

અ.નં.	ઉદ્યોગનો પ્રકાર	કેસની સંખ્યા
1.	રસાયણ, દવા, જંતુનાશક ઝેર, રબર, ડીટરજન્ટ, પેઈન્ટ વિગેરે	45
2.	એન્જીનીયરીંગ, બેટરી વિ.	27
3.	ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોપ્લેટીંગ	04
4.	ટેક્ષટાઈલ	02
5.	વુડ, ટોબેકો, ફુડ	04
6.	નામ ઉપરથી ઉદ્યોગનો પ્રકાર સમજાતો નથી.	15

સૌથી વધુ કેસ (24) નંદેસરી ઔદ્યોગિક વિસ્તારનાં એકમો ઉપર થયા છે. મકરપુરા ઔદ્યોગિક વિસ્તારના એકમો ઉપર 23 કેસ છે અને ગોરવા - પ્રતાપનગર - સરદાર એસ્ટેટ જેવા શહેરી વિસ્તારનાં એકમો ઉપર 14 કેસ થયા છે.

ઔદ્યોગિક વિસ્તાર અને કેસ

અ.નં.	ઔદ્યોગિક વિસ્તારનું નામ	કેસની સંખ્યા
1.	વડોદરા - ગોરવા, પ્રતાપનગર, સરદાર એસ્ટેટ, અન્ય શહેરી વિસ્તાર	14
2.	મકરપુરા	23
3.	નંદેસરી	24
4.	સાવલી - ટુંડાવ - મંજુસર - ગોઠડા	10
5.	વાઘોડીયા	09
6.	કરજણ - પોર - મેનપુરા	03
7.	અણખોલ - ઉમરાયા - ભાયલી - બીલ	04
8.	છાણી-દશરથ-મોકસી-પોઈચા-રાણીયા પેટ્રોફીલ્સ	07
9.	ઈશ્વરપુરા - ગરધીયા - સમીયાલા	03

97માંથી 69 એકમો ઉપર માત્ર એક જ કેસ થયો છે. 19 એકમો ઉપર 2 કેસ થયા છે. પાંચ-પાંચ કેસ એક જ મુલાકાતમાં થયા હોય તેવાં બે એકમો છે, બંને એન્જીનિયરીંગ એકમો છે. ચાર એકમો એવાં છે જેમની ઉપર વર્ષની બે મુલાકાતો દરમિયાન બંને વખતે કેસ થયા હોય. તેમાંથી ત્રણ એકમો તો એવાં છે કે અગાઉ જે જોગવાઈના ભંગ બદલ કેસ થયો હોય તે જ બાબતે બીજી મુલાકાત વખતે પણ સુધારો ન થતાં ફરી બીજો કેસ થયો હોય.

એકમ પર થતા કેસની સંખ્યા

અ.નં.	કેસની સંખ્યા	એકમોની સંખ્યા
1.	1	69
2.	2	19
3.	3	05
4.	4	02
5.	5	02

રણોલી ખાતેની ગોલ્ડન પ્લાસ્ટિક કંપનીમાં પ્રચંડ ધડાકા સાથે ... કંપનીમાં ...કશાન?

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,...

...ના બનાવ સંબંધમાં મળતી માહિતી ...ભગ સાડા ત્રણ વાગે ... ભભૂકી ઊઠી હતી. ...રજ પુરી ...

વાઘોડીયાની ગુજ. સાયકલ કંપનીમાં ભીષણ આગ: ૮ લાખનું નુકશાન

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, ...

...રસાતમાં ગભરાટની લાગણી સાથે ... હતો. આગના ... દ્વારા સર્જાયા હતા. આગમ ... થયું હતું. ...

ગોરવા એસ્ટેટની ફેકટરીમાં ...૨૦ હજારનું નુકશાન

...રા, સોમવાર આવેલી બરોડા ...ત્રે અચાનક ... કાબૂમાં ...

...ઉઠી હતી ...

...કેમિકલ ફેકટરીમાં ...થી ભીષણ આગ

...સાધનોએ જણાવ્યું હતું. સંદભાગ્યે કોઈ જાનહાની કે ઈજાનો બના...

...રહેલા પુઆ લાલ ...ને કારણે આગ ...

...ગનજવાળા ...લઈ લેતાં ...તું. કંપ...

...ને ...

વડોદરા જિલ્લાના બામણગામ પાસે પાઈપ તૂટી જતાં એક શ્રમજીવીનું મોતઃ બેને ઈજા

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,રવિવાર

વડોદરા જિલ્લાના બામણગામ પાસે આવેલી મોડર્ન પેટ્રોકેમિકલ કંપનીમાં આજે સવારે પાઈપ તૂટી પડતા ડીકેશનનું કામ કરતા એક શ્રમજીવી યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે બે શ્રમજીવી યુવાનોને ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

શહેરની વિનાયક એન્જીનીયરીંગ કંપનીએ બામણગામ ખાતેની મોડર્ન પેટ્રોકેમિકલ કંપનીમાં કેમીકેશનનો કોન્ટ્રાક્ટ લીધો હતો. ઉક્ત કોન્ટ્રાક્ટ હેઠળ વિનાયક એન્જીનીયરીંગ કંપનીના ત્રણ યુવાનો મોડર્ન પેટ્રોકેમિકલ કંપનીમાં કામ કરતા હતા. ત્યારે ઉક્ત દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. તપાસના પ્રારંભમાં આવ્યું હતું.

બનાવના સંદર્ભમાં જાણવા પોલીસ સુત્રોનાં જણાવ્યા અનુસાર વડોદરા જિલ્લાના પાદર ખાતે રહેતા અજીતકુમાર પીલ્લે (ઉ.વ. ૩૨) ગુડુપદ મોચ્ર બગાણી (ઉ.વ. ૩૧) અને યાદવરાવ હરકીશન તેલગુ (ઉ.વ. ૨૮) શહેરની વિનાયક એન્જીનીયરીંગ કંપનીમાં નોકરી કરતા હતા.

વિનાયક એન્જીનીયરીંગ કંપનીએ બામણગામ ખાતે આવેલી મોડર્ન પેટ્રોકેમિકલ કંપનીમાં કેમીકેશનનો કોન્ટ્રાક્ટ લીધો હોવાથી ત્રણેય યુવાનો ત્યાં સવારે મોડર્ન પેટ્રોકેમિકલ કંપનીમાં કામ કરવા ગયા હતા. દરમ્યાન ... પાઈપ ... ...ડતા ... ...ત્રણેય ... ...ઈજા ... ...ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં અજીતકુમાર પીલ્લેને સારવાર મળે તે પહેલા તેનું મોત નિપજ્યું હતું. જ્યારે ગુડુપદ મોચ્ર બગાણી અને યાદવરાવ હરકીશન તલુગુની હાલત ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું.

આ અંગે જાણવા પોલીસ મથક ફરિયાદ નોંધવા પોલીસી તપાસ હાથ ધરી છે.

પુત્રના મોત માટે જવાબદાર ફેકટરી સંચાલકો સામે કોર્ટમાં પિતાની ફરીયાદ

...સાવલી

...સાવલી તાલુકાના ...ગ્રામના રહીશ ... ...ને ઝેરી ગેસની અસર ... ...અસરોના ...સારવાર અર્થ ...કરાયો હતો. જ્યાં તેનું મોત નિપજ્યાં ... પિતાએ કંપનીના સંચાલકો સામે ... ...કરીયાદ નોંધાવીને ન્યાયની માગણી ...

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ... તાલુકાના ચોરપુર ગામના રહીશ ... ...ભીખાભાઈ પાટણવાડીયાને તેમના ... ...ત્રાસ ... કોર્ટમાં દાખલ કરેલી ... ...જણાવ્યું છે કે તેમનો પુત્ર રમેશભાઈ ... ...ની ... ...

...૧૦-૩-૯૫ થી નોકરીમાં જોડાયો હતો. ... ...૧૦-૩-૯૫ના રોજ રમેશ નોકરીએથી ઘેર પાછો ન ફરતા તેના પિતા ચતાભાઈએ તેની શોધખોળ શરૂ કરી હતી. કંપનીમાં તપાસ કરાતાં રમેશને ઝેરી ગેસની અસર થઈ હોવાથી તે રાત્રી દરમિયાન કંપનીમાંથી નીકળી ગયો હોવાનું જણાવાયું હતુ. રમેશના પીતાએ વધુ તપાસ હાથ ધરતા બહુથા સ્ટેન્ડ નજીકના એક નાળામાંથી રમેશ બેભાન અવસ્થામાં મળી આવતા તેને જમનોત્રી સામાજિક આરોગ્ય કેન્દ્રમા અને ત્યારબાદ એસ.એસ.જી. હોસ્પીટલ વડોદરા ખાતે દાખલ કરાયો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતુ.

રમેશને સમયસર સારવાર ન મળી હોવાથી તેનું મોત નિપજ્યું હોવાનું ફરીયાદમાં જણાવાયું છે. ફરીયાદમાં વધુમાં એવું જણાવાયું છે કે રમેશને ઝેરી ગેસની અસર વર્તાતા તેને સારવાર આપવાનું તો બાજુએ રહ્યું પરંતુ કંપનીની જવાબદાર વ્યક્તિઓએ તેમની ગેરહાજરીમાં અન્ય ઓસામોની સહાય લઈ રાતોરાત રમેશને બેભાન અવસ્થામાં બહુથા સ્ટેન્ડ પરના નાલા નજીક નાખીને અકસ્માત બેદરકારી દાખવી છે. આ અંગેની તપાસ શરૂ થતાં ભાદરવાના પોલીસની સુચના મુજબ ડુંગુવના, જમાદારે કથીત આરોપીઓની હાજરીમાં જ સાક્ષીઓના જવાબો નોંધીને ફરીયાદને અવવે પાટે વાળવાની કોશીશ કર્યાનું જણાતા રમેશના પિતાએ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. જોર્ટ સી.પી. આઈને તપાસનો હુકમ કર્યો હોવા છતાં હજુ તપાસનાં ઠેકાણાં નથી. ફરીયાદમાં એવું પણ જણાવાયું છે કે આરોપીઓ વગવાળા કોઈ કેસને લગતા કાગળો પણ લેવા દેતા નથી. એટલું જ નહી કેસ કરશો તો બીજા પુત્રનું ખુન કરાવી નાંખવાની ધમકી અપાઈ હોવાના પરિણામે આ ફરીયાદ દાખલ કરવામાં વિલંબ થયો હોવાનું ફરીયાદમાં જણાવાયું છે.

ટ્રેકીકેશ નું કામ કરતા ઉંચાઈ પરથી પટકાતા કામદારનું મોત

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,ગુરૂવાર

...ગુરૂવાર સાંજના ૪.૩૦ વાગ્યાના ... ...વડોદરા ...તાલુકાના પોઈચા ગામે ...વેલી ...ટીનનું કામ કરતા ... ...ત્યારે અચાનક ...રે પટકાતા તેમને ... ...ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ... ...સારવાર માટે સયાજી હોસ્પીટલ ... ...ત્યાં સારવાર ... ...ઈજાગ્રસ્ત તેમનું મોત નિપજ્યું હતું.

કામદાર પર લોખંડનો ભંગાર પડતાં મૃત્યુ

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, મંગળવાર

...નંદેસરી ...આઈ.ડી.સી.માં આવેલી પેટ્રોલીન ઈન્ડસ્ટ્રીઝમાં ગઈકાલે સવારે એક કામદાર ઉપર લોખંડનો ભંગાર પડતાં તેનું મોત નીપજ્યું હતું.

પોલીસના જણાવ્યા પ્રમાણે, નંદેસરી-૧ની પરીલોન ઈન્ડસ્ટ્રીઝમાં ગઈકાલે સવારે ભરત છગનભાઈ તાવીયાડ (ઉ.વ.૧૮) નામનો કામદાર કામ કરતો હતો ત્યારે લોખંડનો ભંગાર તેના ઉપર પડતાં તેનું ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત કામદારને ખાનગી દવાખાનામાં સારવાર્થે લઈ જવાયો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું. છાણી પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે. 21/7/95 ગુ.સ.

પ્લાસ્ટિક ફેકટરીના ધડાકામાં દાઝેલા શખ્સનું મરણ

(પ્રતિનિધિ) વડોદરા,તા. ૬ ...

...ધડાકા સાથે ભારે ભડકો થયો હતો. ...ઈ ...વેલી ...ના ...ભાગમાં ... ...ડી ...ગયેલા યુવાનનું સારવાર ... ...દરમિયાન ...મોત નિપજ્યું હોવાનું ... ...જાણવા મળે છે.

...પોર ...તેની ...પ્રતિનિધિ ...મંગળવાર ... ...જી.આઈ.ડી.સી.માં ...ફેક્ટરીમાં ...ધડાકા ...

પોર જી.આઈ.ડી.સી.નો કુખ્યાત બનાવ

...રાતિનિધિ દ્વારા વડોદરા,ગુરૂવાર

વડોદરા તાલુકાના કરચીયા ખાતે રહેતા ભીમસીંગ ઠાકોર આજે સવારે આઈ.પી.સી.એલ.ના વી.સી. પી.વી.સી. પ્લાન્ટમા કામ કરતો હતો. દરમ્યાનમાં નીચે જમીન ઉપર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન ભીમસીંગનુ મોત નિપજ્યુ હતુ. 6/7/95 ૧૮.૨૧.

...કેટરીમાં ભીષણ આગ: ૨૫ લાખનું નુકશાન

...ઈ/૭/૯૫

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,શુક્રવાર

...હર નજીક નંદેસરી જી.આઈ.ડી.સી.માં ...વેલી ...ની ...ભડકો ...સાથે ...ભભૂકી ઉઠેલી .આગમાં ...ની ...ફેક્ટરિનશન પ્લાટ ભસ્મીભૂત થયો હતો. ફાઈટ્રોક્લોરિક એસીડની બે ટાંકીઓ વધુ પડતાં દબાણને કારણે ફાટતાં પ્રચંડ ધડાકા સાથે ઉગ્ર દુર્ઘટના સર્જાઈ હતી.

સ્થાનિક અગ્નિશાંતિ કેન્દ્રના સાધનોએ આગના બનાવ સંબંધમા જણાવ્યું હતું કે આગની બનાવ સવારે ૧૧ વાગે બન્યો હતો.

આગ બુઝાવવા માટે લાશ્કરો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે કંપનીનો ક્લોરિનેશન પ્લાંટ આગની લપેટમાં આવી ગયો હતો. અગ્નિશાંતિ કેન્દ્રના અધિકારીઓ માટે કંપનીમાં રાખવામાં આવેલાં ક્લોરિન ગેસના સિલિન્ડરો અને જવલનશીલ પેરાશીનની ટાંકી ચિંતાનો વિષય બની હતી. સ્થાનિક અગ્નિશાંતિ કેન્દ્રના સ્ટેશન ઓફિસર શ્રી જિતેશકુમાર ટાપરિયા, આઈપીસીએલના શ્રી મનોહર અને રિફાઈનરીના શ્રી નિધાનીયાએ ઓપરેશન હાથ ધર્યુ હતું. જવલનશીલ ટેન્કના કુલીંગની સાથોસાથ ક્રિજ જેવા કેમિકલના ઉપયોગથી આગને વધુ પ્રસરતી અટકાવવામાં આવી હતી.

પ્રચંડ ધડાકાના પગલે કંપનીના 'ફાઉન્ડેશન'ને ભારે નુકશાન પહોંચ્યુ હતું. લગભગ ૨૦ થી ૨૫ લાખના નુકશાનનો અંદાજ મુકાય છે. સદભાગ્યે કોઈ જાનહાની કે ઈજાનો બનાવ બન્યો ન હતો.

કેમીકલમાં લાગેલી આગ પણ નાનીસૂની ઘટના ન હતી. રીફાઈનરીની બહુચર્ચીત આગના બનાવમાં પણ કોઈ કાયદાભંગ કારખાના નિરીક્ષણ કચેરીને જણાયો નથી.

વડોદરા જિલ્લામાં બનેલા 42 બનાવોનાં કતરણો મંડળને 1995ના વર્ષમાં મળેલાં છે. તેમાંથી ફક્ત 9 બનાવોમાં જ એવું બન્યું છે કે કારખાના નિરીક્ષકે ઘટનાસ્થળની મુલાકાત લઈને કેસ કર્યા હોય. બાકીના 33 બનાવમાં નિરીક્ષકોએ મુલાકાત લીધી હોય તે બનાવજોગ છે પણ કોઈ કેસ થયા નથી, એમ સરકારી માહિતી પરથી સ્પષ્ટ થાય છે. આ 9 ઘટનાસ્થળોની મુલાકાત લઈ કુલ 12 કેસ કરેલા છે. આ 9 માંથી 7 બનાવમાં મુલાકાતની તારીખ, અખબારમાં પ્રગટ થયેલ સમાચાર સાથે બંધ બેસે છે. એટલે કે નિરીક્ષકે લીધેલ મુલાકાત અકસ્માતના બનાવ સંદર્ભે હતી અને કેસ પણ એ સંબંધે થયા છે, જે ઘટનાનું વર્ણન જોતાં સમજાય છે. બાકીના 2 બનાવમાં તારીખો બંધ બેસતી નથી એટલે કે મુલાકાત બનાવ સંદર્ભે લીધી નથી (જુઓ કોઠો) 95ના આખા વર્ષમાં 97 કારખાનાં સામે 140 કેસ થયા છે. એટલે કે 91 કારખાનાં ઉપરના 137 કેસ નિરીક્ષકની સામાન્ય નિરીક્ષણ મુલાકાત દરમિયાન નોંધાયેલ કાયદાભંગના સંદર્ભે થયા છે. અથવા અખબારોમાં એ ઘટનાઓ પ્રગટ થઈ નથી. જો પ્રથમ ધારણા સાચી હોય તો નિરીક્ષણની ગુણવત્તા ઘણી સારી ગણાય. બીજી ધારણા સાચી હોય તો અખબારોની સમાચાર મેળવવાંની ક્ષમતા નીચી ગણાય અથવા અકસ્માતના સમાચારોને અગ્રીમતા / મહત્વ ન આપવાની નીતિ હોય. સત્ય શોધવા વધુ ઊંડા સંશોધનની જરૂર પડે.

ગુનો અને સજા :

1995ના વર્ષમાં વડોદરાની કા. નિ. કચેરીએ 97 કારખાનાં સામે કરેલા કુલ 140 કેસમાંથી 5 કારખાનાં સામેના 9 કેસનો નિકાલ થઈ ગયો. એપ્રીલ, જૂન, જુલાઈ અને ઓક્ટોબર માસમાં નોંધાએલા કેસોનો નિકાલ થયો છે. પ્રમાણમાં કાનૂની કાર્યવાહીમાં સમય ઓછો ગયો છે એમ કહી શકાય. કદાચ, સંબંધીત કારખાનાદારે ગુનાની કબુલાત કરી લેવામાં ડહાપણ માન્યું હોય. 5 માંથી 3 કારખાનાં સામે એક જ કલમ ભંગની ફરિયાદ છે. એક કારખાનાને 1 કેસ માટે રૂા. 800ના દંડ તો બીજા એકમને એ જ કલમભંગમાં 1 કેસ માટે રૂા. 5000/-નો દંડ થયો છે. ત્રીજા એકમને ત્રણ કેસ માટે રૂા. 3500/-નો દંડ થયો છે. આમ સજામાં એકસૂત્રતા જણાતી નથી. આમાંથી એકેય કેસ પ્રાણઘાતક અકસ્માતનો ન હતો. જો કે ગંભીર અકસ્માત સાથે આ કેસને સંબંધ હતો કે કેમ તે જાણવા મળતું નથી.

અકસ્માતો અને નિરીક્ષણ મુલાકાતો

અ.નં.	એકમનું નામ	મુલાકાતની તારીખ	કાયદાભંગની વિગત	કેસની સંખ્યા
1.	મેટલ સ્ટેમ્પીંગ,	29-3-94	21(1)4c	1
	ગોરવા	4-8-95	21(1)4c	1
2.	સુમીષ કેમીકલ્સ,	21-3-95	102-12(5)	1
	નંદેસરી	14-6-95	102-12(5)	1
3.	સ્ટાન્ડર્ડ પેસ્ટીસાઈડ,	12-7-95	102-15(12)	3
	નંદેસરી	20-9-95	102-15(12)	2
4.	ઈન્ડો ઓર્ગેનીક્સ,	23-2-95	102-12(5)	1
	મંજુસર	20-7-95	37(1)c	1

અકસ્માતો અને નિરીક્ષણ મુલાકાતો :

નિરીક્ષકો કારખાનાની મુલાકાત ઘણાં કારણોસર લેતા હોય છે. મુખ્ય બે હેતુસર મુલાકાતો થાય છે (1) કાયદાના અમલીકરણનું નિરીક્ષણ (2) અકસ્માતની જાણ થયા બાદ તપાસ માટે મુલાકાત.

ધારાસભ્યશ્રીને અપાયેલી માહિતી, નિરીક્ષકોએ 95ના વર્ષમાં કારખાનાંઓની તમામ મુલાકાતોની યાદી હોય તેમ લાગતું નથી. એ યાદી, દાવા કર્યા હોય તે સંદર્ભે થયેલી મુલાકાતો જ દર્શાવે છે.

સંસ્થાએ એકઠા કરેલાં કતરણો સાથે સરકારે આપેલ માહિતી સરખાવવાનો પ્રયત્ન કરતાં કેટલીક અગત્યની માહિતી મળે છે.

આગના 21 બનાવો છાપે ચડ્યા છે તેમાંથી માત્ર 2 બનાવોમાં કારખાના નિરીક્ષકે કોઈ કેસ કર્યા છે. કોહીનુર ફ્લોર મીલ, ગોરવામાં લાગેલી જબરજસ્ત આગના છાપાંએ ફોટા સાથે મહત્વના સમાચાર બનાવ્યા હતા. નંદેસરીની બાહુબલી

નિકાલ પામેલા કેસની વિગત

અ.નં.	એકમનું નામ	કાયદાભંગની ફરિયાદ	કેસ કર્યાની તારીખ	કેસની સંખ્યા	દંડની રકમ
1.	પ્રેસમેટલ ટુલ્સ. મકરપુરા	21-1,4(c)	9-4-95	2	2,000
2.	વીટારા કેમીકલ્સ, નંદેસરી	21-1,4(b)	10-7-95	1	5,000
3.	જોર્ડ એન્જી. ઈ. લિ., ઈશ્વરપુરા	21-1,4(b)	14-6-95	1	800
4.	બ્લોકેબ કેબલ ઈન્ડ., સરદાર એસ્ટેટ	21-1,4(b)	13-10-95	3	3,500
5.	ધરોયા ફાર્માસ્યુટીકલ્સ, નંદેસરી	37-1-(c) 61-1-(c-ii)	13-10-95	2	1400

ગુનેગારોને યોગ્ય સજા થાય તે માટે આક્ષેપો ઘડવાની બાબત ઘણી અગત્યની છે. 1987માં કાયદામાં સુધારો કરીને કલમ 92માં દંડની જોગવાઈ વધારવામાં આવી. એ મુજબ પ્રકરણ 4 અથવા ક. 87 હેઠળની જોગવાઈનો ભંગ પ્રાણઘાતક અથવા ગંભીર શારિરીક ઈજામાં પરીણમતા અકસ્માત તરફ દોરી ગઈ હોય તો ઓછામાં ઓછો દંડ રૂા. 25,000/- કરવો પડે. અંકલેશ્વરનાં ચાર જુદાં જુદાં એકમોમાં જીવલેણ અકસ્માત થયા. બધા ઉપર કેસ થયા અને બધા કસૂરવાર ઠર્યા. બે જણને રૂા. 5,500/- નો તેમજ બે જણને રૂા. 3000/- નો દંડ થયો. આ તમામ સામે ક. 7 ના ભંગનો જ આક્ષેપ હતો. આમ ગુનેગારોને થતી સજા ઉપર નિરીક્ષકો અને ન્યાયાધીશો બંનેના સજ્જતા-જાગૃતિ અને વલણોનો પ્રભાવ હોય છે. થોડા સમય અગાઉ વલસાડના કારખાના નિરીક્ષકે ગણદેવી કોર્ટમાં બીલીમોરા ખાતે આવેલ મે. ગુજકેમ. ડીસ્ટીલર્સ વિરૂદ્ધ કલમ 87 હેઠળ બનાવાયેલ નિ. 102 - 12 (3) ના ભંગની ફરિયાદ કરી હતી જેમાં કોર્ટે મેનેજરને એક માસંની જેલ અને ત્રણ હજારનો દંડ કર્યો છે. અન્ય એક બનાવમાં અમદાવાદનાં એક કારખાનામાં કામદારના ત્રણ આંગળા અકસ્માતમાં કપાઈ ગયા તેમાં કોર્ટે કંપનીને રૂા. 50,000/-નો દંડ કરેલ છે. આરોગ્ય અને સલામતિની જોગવાઈઓના ભંગ ગંભીર ગુના ગણાય અને ગુનેગારને યોગ્ય સજા થાય તે માટે પોષક સામાજિક વાતાવરણ ઉભું કરવામાં કામદારોનાં અને અન્ય સામાજિક સંગઠનો, સંશોધકો, વિદ્યાપીઠો, અખબારો નિષ્ફળ નિવડ્યાં છે. અથવા મધ્યમ કે ઉચ્ચ વર્ગના નિયંત્રણ હેઠળ રહેલી આ સંસ્થાઓને શ્રમજીવીઓ / ગરીબોને સીધા જ સ્પર્શતા આ પ્રશ્નમાં એવી દીલચશપી નથી એમ માનવું રહ્યું.

કાયદામાં ફેરફારો અને નિરીક્ષણો :

સમયની જરૂરિયાત અનુસાર કાયદામાં ફેરફારો થાય છે. ભોપાલની દુર્ઘટના પછી 1987માં ભારત સરકારે કાયદામાં અને 1995માં ગુજરાત સરકારે નિયમોમાં ફેરફારો કર્યા. 1995માં થયેલા કેસોની વિગત તપાસતાં 87માં દાખલ કરાયેલ નવી જોગવાઈના ભંગ બદલ કેસ થયાનું દેખાતું નથી. કાં તો બરાબર પાલન થાય છે અથવા હજુ એના અમલ માટે સમય અપાય છે. કાયદાએ કલમ 41-બી, 41-સી, અને 41-એચ ની જોગવાઈના ભંગને એટલો ગંભીર ગણ્યો છે કે કેદની સજાની જોગવાઈ ક. 94 દ્વારા કરી છે. કલમ 41-એફ પણ રસાયણ અને અન્ય જોખમી ઉદ્યોગોના કામદારોના આરોગ્ય માટે ખૂબ ઉપયોગી જોગવાઈ છે. ફ્રેમ નં. 9, 10, 11 ન ભરવા અંગે કેસ કરવાના પરંપરાગત વલણમાં થોડા ફેરફારો જરૂરી છે. કારખાના નિરીક્ષણ કચેરી દ્વારા અત્યંત જોખમી રસાયણો / પદાર્થો અંગે નક્કી કરેલા ગાળામાં ઝુંબેશ ચલાવાય તો તો કારખાના કાયદાની આરોગ્ય અને સલામતિની જોગવાઈઓના અમલ માટે, બીજા ફેરફારો ન થાય ત્યાં સુધી એક અલાયદો વિભાગ કારખાના નિરીક્ષણ કચેરીમાં બનાવાય અને હાલ આખા રાજ્ય માટે જે એક જ ઔદ્યોગિક આરોગ્ય પ્રયોગશાળા (ઈન્ડ. હાયજીન લેબોરેટરી) છે તેને બદલે રાજ્યના ચાર ઝોનની ચાર પ્રયોગશાળા ઉભી કરવા અંગેનું આયોજન ઘણું જરૂરી છે. કાર્યસ્થળને પ્રદુષણમુક્ત કરવાની તાતી જરૂર છે અને નિરીક્ષણોના કેન્દ્રમાં એ બાબત રહે તે માટે ઘટતાં પગલાં લેવાવાં જોઈએ. ઉદારીકરણ પછી ઓછા ખર્ચે પ્રદૂષણ ઘટાડવા માટેનું જ્ઞાન અને સાધનો સહેલાઈથી મળી શકે તેમ છે. વ્યવસાયિક રોગો અંગે આ દેશમાં જે અરાજકતા પ્રવર્તે છે તે પણ ધારાસભ્યશ્રીને અપાએલ માહિતીમાં દેખાઈ આવે છે. ક. 89 / નિ. 104 ના ભંગ બદલ કોઈ કેસ થયા નથી.

ઉપસંહાર :

1995ના વર્ષમાં વડોદરાની કારખાના નિરીક્ષણ કચેરી દ્વારા આરોગ્ય અને સલામતિ અંગે 97 કારખાનાં સામે થયેલા 140 કેસની વિગતો તપાસતાં નિકળતાં તારણો મુજબ -

(1) પ્રાણઘાતક અકસ્માતો થયા હોય તેમાંથી અડધા બનાવોમાં કાયદાભંગ માટે કેસ થાય છે. કાં તો કાયદો નબળો છે અથવા તંત્ર કાયદાભંગ શોધવામાં નિષ્ફળ જાય છે. આ દિશામાં વધુ સંશોધનો જરૂરી.

(2) કારખાના કાયદા અને નિયમોની કેટલીક ચોક્કસ જોગવાઈઓના ભંગ બદલ જ કેસ કરવાનું નિરીક્ષકોનું વલણ રહ્યું છે. કારખાનામાં નિરીક્ષકોના વલણો અને સજ્જતામાં પરિવર્તન જરૂરી.

(3) કેટલાક અપવાદ બાદ કરતાં કેસો ખાનગી ઉદ્યોગો અને તેમાંય લઘુ ઉદ્યોગો પર કરવાનું વલણ આ 97 કારખાનાની યાદી તપાસતા જણાય છે. રીફાઈનરીની મહાવિનાશક આગ છતાં કારખાના સામે કાયદાભંગનો કોઈ કેસ નોંધાતો નથી.

(4) કાયદા નીચે નોંધાયેલા કારખાનામાં થયેલા અને છાપે ચડેલા જીવલેણ અકસ્માત પણ કારખાના નિરીક્ષણ કચેરી દ્વારા પ્રાણઘાતક અકસ્માતની યાદીમાં નોંધાય નહિ તે બાબત તાત્કાલીક તપાસનો વિષય છે.

(5) સરકાર દ્વારા વિધાનસભાના સભ્યશ્રીને અપાયેલા જવાબમાં નિરીક્ષણની તારીખની વિગત છે. પણ નિરીક્ષણ અકસ્માતની જાણ બાદ તપાસના સંદર્ભે હતી કે ચોક્કસ સમયાંતરે થયેલી નિરીક્ષણ મુલાકાત હતી તે સ્પષ્ટ થતું નથી. એ માહિતી પણ ઉમેરાઈ હોય તો અગત્યની બાબત જાણવા મળત.

(6) કારખાના નિરીક્ષણની સ્થાનિક અને કેન્દ્રીય કચેરી દ્વારા એકઠી કરાતી વિગતોમાં વિસંગતતાઓ દેખાય છે. પ્રાણઘાતક અકસ્માતોની બાબતમાં પણ વિસંગતતાઓ દેખાય તે વધુ પડતુ લાગે છે. એ માટે મુખ્ય નિરીક્ષકશ્રીએ વિશેષ ધ્યાન આપી વિસંગતતાઓ ન રહે તે અંગે ગોઠવણ કરવી જોઈએ. કોમ્પ્યુટર નેટવર્કીંગ દ્વારા આ થઈ શકે.

(7) અકસ્માતનું મોટું જોખમ હોય તેવાં ઔદ્યોગિક એકમો ઉપર ચાંપતી નજર રાખવા અલાયદુ તંત્ર હોવું જોઈએ.

(8) મુખ્ય કારખાના નિરીક્ષકશ્રીની કચેરી અને ન્યાયતંત્ર વચ્ચે વધુ સારૂ સંકલન હોય તો કાયદાની દંડનીય કલમોનો વધુ સારો ઉપયોગ થવાની શક્યતા છે. એ માટે દર છ માસે કે વર્ષે આખા રાજ્યમાં કારખાના કાયદા નીચે થતી ફરિયાદોનું મૂલ્યાંકન કરવું જોઈએ.

(9) પૂરતી સંખ્યામાં કારખાના નિરીક્ષકોની નિમણૂંક થાય તો તંત્ર પાસેથી વધુ સારા કામની અપેક્ષા રાખી શકાય. કામદારોના આરોગ્ય અને સલામતિ માટે આ કાયદો અને તંત્ર ખૂબ ઉપયોગી ભૂમિકા ભજવી શકે એમ છે તેથી તેને વધુ સક્ષમ બનાવવું જરૂરી.

(10) કારખાના નિરીક્ષણ કચેરી દ્વારા આરોગ્ય અને સલામતિ અંગે ખાસ ઝુંબેશ ગોઠવાવી જોઈએ. તેમજ વાર્ષિક અહેવાલ અને સંશોધન લેખો પ્રગટ થશે તો આ બાબતે જાગૃતિનું અગત્યનું કામ થશે.

કારખાના નિરીક્ષણ કચેરી, વડોદરા દ્વારા નોંધાયેલા પ્રાણઘાતક અકસ્માતો

	એકમનું નામ	તારીખ	કરેલ કેસની સંખ્યા	કઈ જોગવાઈનો ભંગ
1	અંબર સુગર, મેનપુરા	2-1-95	2	ક 61 (c) ક 61-1-(c)
2	ફાયબર સ્ટીલ ફેબ્રીકેશન, મકરપુરા	12-1-95	1	ક 72-29
3	ઈન્ડસ્ટ્રીઅલ ઓક્સીજન	14-1-95	કેસ કરેલ નથી.	-
4	પપ્પુ પ્રોડક્ટસ, સરદાર એસ્ટેટ	31-1-95	1	ક 21(1) 4(b)
5	લખનપાલ નેશનલ, મકરપુરા	23-2-95	1	ક 32(c)
6	સત્યદેવ કેમીકલ્સ, ભાયલી	31-5-95	1	નિ.102-12(4)
7	જયભારત સ્ટીલ, પોર	6-6-95	કેસ કરેલ નથી.	-
8	જામ્બુ ઓર્ગેનીક્સ પ્રા. લિ., પોઈચા	22-6-95	2	ક 32(c) નિ.102-15(12)
9	સ્ટાન્ડર્ડ પેસ્ટીસાઈડઝ	9-7-95	3	-
10	આશીયા બ્રાઉન બોવરી, માણેજા	6-8-95	કેસ કરેલ નથી.	-
11	ગુજરાત રીફાઈનરી	4-8-95	કેસ કરેલ નથી.	-
12	ડાયનેમીક રબર, વાઘોડીયા	16-11-95	કેસ કરેલ નથી.	-
13	પ્રિયા ટાઈલ્સ, પોર	13-12-95	કેસ કરેલ નથી.	-
14	પંજાબ સ્ટીલ, વડોદરા	15-12-95	કેસ કરેલ નથી.	
15	અમર સુગર ભરથાણા	25-12-95	કેસ કરેલ નથી.	માહિતી નથી.

અખબારો દ્વારા મળેલ પ્રાણઘાતક અકસ્માતોની યાદી

			ઈજા	મૃત્યુ	
1	સુગર ફેક્ટરી,મેનપુરા	2-1-95	1	1	—
2	ઈન્ડ. ઓક્સીજન, વેમારડી, કરજણ	12-1-95	-	1	સીલીન્ડર ફાટ્યો
3	પેરાગોન, નંદેસરી	10-2-95	-	1	લોખંડનો ભંગાર પડ્યો
4	ગુજરાત ક્વીન, ટુંડાવ	10-3-95	-	1	ગેસની અસર બનાવ બન્યા તારીખ 5-10-94
5	શ્રીનાથજી પ્લા., પોર	22-3-95	-	1	આગ
6	મોડર્ન પેટ્રોફિલ્સ, પોર	1-4-95	2	1	ફેબ્રીકેશન
7	સત્યેદવ કેમી., ભાયલી	31-5-95	2	1	એસીડથી દાઝ્યા
8	સારાભાઈ કેમીકલ, વડોદરા	3-6-95	-	1	વાંદરો કૂદયો
9	પોઈચા, સાવલી	22-6-95	-	1	ફેબ્રી. ઊંચાઈથી પટકાયા
10	IPCL પીવીસી પ્લાન્ટ	6-7-95	-	1	ઉપરથી પટકાયા
11	ABB	6-8-95	-	1	ઉપરથી પટકાયા
12	જયભારત સ્ટીલ પોર	6-6-95	-	1	વીજકરંટ (ન્હાવા બેઠા)
13	દર્શના ફેબ્રીકેશન, વાડી	25-8-95	-	1	વીજ કરંટ
14	અમર ઓટોરિક્ષા, પ્રતાપનગર	5-9-95	-	1	લેથમાં ખમીસ ભરાયું
15	ડાયમીક, GIDC વાઘોડીયા	16-11-95	-	1	દાઝી ગયા
16	મમરા ફેક્ટરી, સાવલી	9-12-95	-	1	સાડી મશીનમાં ભરાઈ
17	પંજાબ સ્ટીલ, વડોદરા	15-12-95	-	1	સળીયો પેટમાં ઘુસ્યો
18	સુગર ફેક્ટરી, કરજણ	25-12-95	-	1	કઢાઈમાં પડી ગયા
19	રૂપલ સુગર, કરજણ	29-12-95	-	1	13 વર્ષની છોકરીનો પાલવ મશીનમાં ફસાયો

કારખાના કાયદાની જોગવાઈ અને કેસની સંખ્યા

અ.નં.	કલમ		કેસની સંખ્યા
1	ક..21(1)4b	ટ્રાન્સમીશન મશીનરીને વાડ	17
2	ક.21(1)4c	મશીનના જોખમી ભાગોને વાડ	09
3	ક.40(1)	મકાન અને મશીનની સલામતી	05
4	ક.32(c)	ઊંચાઈ પર કામ કરવા બાબત	05
5	ક.37(1)c	તણખાના તમામ શક્ય સ્રોતોને અસરકારક રીતે ઢાંકવા	10
6	ક.30(1)	ફરતાં મશીન અંગે - એબ્રેસીવ વ્હીલની મહત્તમ સલામત પરીઘીય ઝડપ, શાફ્ટની ઝડપ, પુલીનો વ્યાસ વિગેરે દર્શાવતી નોટીસ લગાવવા અંગે	01
7	ક 28(1)c	હોઈસ્ટ / લીફ્ટ ઉપર મહત્તમ સલામત લોડ દર્શાવવો અને તેથી વધુ ભાર ઊંચકવો નહિ	02
8	ક.28(1)aii	હોઈસ્ટ / લીફ્ટ યોગ્ય રીતે જળવાશે અને દર છ માસે બરાબર તપાસાશે અને દરેક તપાસ બાદ તપાસની વિગતની રજીસ્ટરમાં નોંધ રખાશે.	02
9	ક.28(1)e	હોઈસ્ટના લેન્ડીંગ ઉપર પાંજરાના દરવાજાને ઈન્ટરલોક સ્વીચ લગાડાશે	01
10	ક.33(1)	જમીનમાંની ખુલ્લી જગ્યાઓ, ખાડા, સમ્પ વિગેરેને વાડ કરવી	03
11	ક.36(2)b	જોખમી ધુમાડા, વાયુ, બાષ્પ કે રજકણોથી રક્ષણ મેળવવા શ્વસન ઉપકરણ અને સેફ્ટીબેલ્ટ પૂરા પાડવા	01

12	નિ.61(6)	ફોર્મ નંબર 11	14
	61(1)Cii	પ્રેશરગેજ લગાવવો	02
	61(1)Diii	પ્રેશર પ્લાન્ટનું દર 4 વર્ષે નોન ડીસ્ટ્રકટીવ ટેસ્ટીંગ	01
	61(1)Dii	પ્રેશર પ્લાન્ટની અંદરથી તપાસ દર વર્ષે 1 વાર	01
	61(1)		01
	61(2)	યોગ્ય પ્રેશર રીડ્યુસીંગ વાલ્વ બેસાડવા અંગે	01
13	નિ.60(2)	હોઈસ્ટ / લીફ્ટની તપાસ અંગે ફોર્મ નં. 10	12
14	નિ.24(3)ii	કલમ 14 હેઠળ બનેલ નિયમ હાઈગ્રોમીટરના સ્પેસીફીકેશન અંગે	01
15	નિ.103(1)	અકસ્માતની સમયસર નિરીક્ષકને જાણ કરવા અંગે	02
16	નિ.56(3)6b	લાકડાની વખારમાં વપરાતી સરક્યુલર-સો. ને ગાર્ડ કરવા અંગે	01

જોખમી પ્રક્રિયા અંગેના નિયમોનો ભંગ અને કેસની સંખ્યા અનુસૂચિ

અ.નં.		નિયમ 102ની અનુસૂચિ નંબર અને પેટા નિયમ	કેસની સંખ્યા
1	12	તેજાબ અને આલ્કલીનું ઉત્પાદન / વપરાશ / હેરફેર : (5) પ્રક્રિયાની નજીક ફુવારો લગાડવો	10
	12	તેજાબ અને આલ્કલીનું ઉત્પાદન : (6) ચેતવણીની નોટીસ લગાવવી	02
2	8	બ્લાસ્ટીંગ રેગ્યુલેશન : (2) સેન્ડ બ્લાસ્ટીંગ ઉપર પ્રતિબંધ	02
3	24	વેલ્ડીંગ / કટીંગ : (2)1 વેલ્ડીંગ / કટીંગનું કામ ચાલતું હોય ત્યાં ગેસ સીલીંડરનો સંગ્રહ કરવો નહિ.	02
	24	(2)7 વેલ્ડીંગ / કટીગનું કામ ચાલતું હોય ત્યાં યોગ્ય અગ્નિશામક પૂરા પાડવા	03
	24	(3)2 યોગ્ય પ્રકારના સ્થાયી કે અસ્થાયી પડદા પૂરા પાડવા	03
	24	(3)5 વેલ્ડીંગ / કટીંગના સાધનોની તપાસ અને તાલીમ પામેલી વ્યક્તિ અંગે રજીસ્ટર રાખવું	01
	24	(3)7	01
	24	(5) 3 ટોર્ચ, પાઈપ, બ્રેકેટ, નોન રીટર્ન વાલ્વ વિ. ની દર 15 દિવસે તપાસ	01
4	15	જંતુનાશકોનું ઉત્પાદન : (6) એક્ઝોસ્ટ ડ્રાફ્ટ અંગે અને હેરફેર	01
5	3	ઈલેક્ટ્રીક એક્યુમ્યુલેટર્સ : (2)	01
		: (3) સ્ત્રીઓ અને કિશોર વયનાને કામે રાખવા અંગે પ્રતિબંધ	01

6	10	ક્રોમીક એસીડ, સોડીઅમ / પોટેશીયમ / એમોનીયમ - બાઈક્રોમેટનું ઉત્પાદન : (4) ન્હાવા - ધોવાની સગવડ 10 ટકા સોડીયમ બાય સલ્ફાઈટનું દ્રાવણ, . ટુવાલ, સાબુ સહીત બાથરૂમની સગવડ	01
7	11	નાઈટ્રો અથવા એમીડો સંયોજનો ની હેરફેર (5) પ્રક્રીયા દરમિયાન નિકળતા રજકણ / ધૂમાડાને સંગ્રહવા અસરકારક એક્ઝોસ્ટ ડ્રાફ્ટ પૂરા પાડવા બાબતે	01

* જુના નિયમો અનુસાર

	અખબારમાંથી મળેલ માહિતી					ધારાસભ્યશ્રીને અપાયેલ માહિતી		
			ઈજા	મૃત્યુ	અન્ય	મુલાકાત	કાયદાભંગ	કેસ
1	સુગર ફેક્ટરી, મેનપુરા	5-1-95	1	-	-	5-1-95	ક.61-(6) ક.61-(1)C(i)	2
2	ઈન્ડ. ઓક્સીજન, વેમારડી	16-1-95	1	1	-	-	-	-
3	સાધલી ગ્રુપ કોટન જીનીંગ/પ્રેસીંગ શિનોર	28-1-95	-	-	આગ	-	-	-
4	નંદેસરી	29-1-95	-	-	આગ	27-1-95	નિ.102-12(5) નંદેસરી રસાયણી	1
5	IPCL, વડોદરા	23-2-95	3	-	-	-	-	-
6	ગોલ્ડન પ્લાસ્ટીક, રણોલી	9-3-95	-	-	આગ	-	-	-
7	ગીતા વુડ વર્કર્સ, વડોદરા	20-3-95	-	-	આગ	-	-	-
8	જયંત એગ્રો. ઈન્ડ. રણોલી	30-3-95	-	-	આગ	-	-	-
9	BDS પોલીમર્સ, નંદેસરી	31-3-95	-	-	ગેસલીકેજ	30-3-95	નિ. 103(i)	1

	અખબારમાંથી મળેલ માહિતી					ધારાસભ્યશ્રીને અપાયેલ માહિતી		
			ઈજા	મૃત્યુ	અન્ય	મુલાકાત	કાયદાભંગ	કેસ
10	શ્રીનાથજી પ્લાસ્ટીક, પોર	2-4-95	-	1	-	-	-	-
11	શ્રીનાથજી કેમીકલ્સ, મંજુસર	4-4-95	3	-	-	-	-	-
12	બરોડા એરોએલાઈઝ, ગોરવા	4-4-95	-	-	આગ	-	-	-
13	કમ્પોસ્ટ પ્લાન્ટ	7-4-95	-	-	આગ	-	-	-
14	ગુજરાત સાયકલ, વાઘોડીયા	9-4-95	-	-	આગ	-	-	-
15	મોર્ડન પેટ્રોફીલ્સ, પોર	10-4-95	2	1	-	-	-	-
16	એપેક્સ કે. પાદરા, સમીયાલા	20-4-95	-	-	આગ	-	-	-
17	ઈન્ટરનેશનલ ડાયસ્ટફ, નંદેસરી	8-5-95	-	-	આગ	16-3-95	21(1)4b	2
18	બાહુબલી કેમીકલ્સ, નંદેસરી	9-5-95	-	-	આગ	-	-	-
19	રૂનું કારખાનું, મકરપુરા	25-7-95	1	-	આગ	-	-	-
20	ફેકટરી, પોઈચા (સાવલી)	23-6-95	-	1	-	જાન્બુ ઓર્ગે 22-6-95	ક.28-1c ક.103(1)	2

	અખબારમાંથી મળેલ માહિતી					ધારાસભ્યશ્રીને અપાયેલ માહિતી		
			ઈજા	મૃત્યુ	અન્ય	મુલાકાત	કાયદાભંગ	કેસ
21	સારાભાઈ કેમીકલ્સ, વડોદરા	29-6-95	-	1	-	28-11-95	ક.28-1-c ક.28-1Aii	2
22	IPCL	6-7-95	-	1	-	-	-	-
23	પેરાગોન એન્જી. નંદેસરી	12-7-95	-	1	-	-	-	-
24	ગુંજન પ્લાસ્ટીક, પોર	25-7-95	1	-	આગ	-	-	-
25	શ્રીજી પેસ્ટીસાઈડ, પોર	29-7-95	1	-	-	-	-	-
26	ગુજરાત રીફાઈનરી	5-8-95	2	-	આગ	-	-	-
27	આશીયા બ્રાઉન બોવરી	10-8-95	-	1	-	-	-	-
28	ક્લાઈમેક્સ, મકરપુરા	11-9-95	-	-	આગ	-	-	-
29	કોહીનુર ફ્લોર મીલ, ગોરવા	13-9-95	-	-	આગ	-	-	-
30	ઉમીયા વેલ્ડીંગ, સાંકરદા	1-10-95	-	1	આગ	-	-	-
31	ગુજરાત ક્વીન, ટુંડાવ	5-10-95	-	1	-	17-8-95	ક.21(1)4b	-

	અખબારમાંથી મળેલ માહિતી					ધારાસભ્યશ્રીને અપાયેલ માહિતી		
			ઈજા	મૃત્યુ	અન્ય	મુલાકાત	કાયદાભંગ	કેસ
32	તાશ્કંદ ઓઈલ, નંદેસરી	10-10-95	-	-	આગ	-	-	-
33	ઈન્ડ. ફેબ્રીકેટર્સ, નંદેસરી	13-11-95	-	-	ધડાકો	12-11-95	નિ.61(2)	1
34	ડાયમીક ઈન્ડ. વાઘોડીયા	18-11-95	-	-	આગ	-	-	
35	ગુજરાત રીફાઈનરી, વડોદરા	19-11-95	-	-	આગ	-	-	
36	સત્યદેવ કેમીકલ્સ, ભાયલી	28-11-95	2	1	-	2-6-95	નિ.102-10(4)	
37	નારાયણ મસાલા, વડોદરા	28-11-95	-	-	આગ	-	-	
38	IPCL, વડોદરા	4-12-95	-	1	-	-	-	-
39	પંજાબ રોલીંગ, વડોદરા	16-12-95	-	1	-	-	-	-
40	મમરા ફેક્ટરી, સાવલી	21-12-95	-	1	-	-	-	-
41	સુગર ફેક્ટરી, કરજણ	25-12-95	-	1	-	-	-	-
42	રૂપલ સુગર, કરજણ	29-12-95	-	1	-	-	-	-

પીપલ્સ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર એ બીનનફાકારક સંસ્થા છે. કામદારો અને શ્રમજીવીઓના જીવનને સ્પર્શતા વિવિધ પાસાંઓ અંગે શિક્ષણ અને સંશોધનનું કામ સ્થાનિક જૂથોની સાથે રહી કરે છે. વ્યવસાયિક આરોગ્ય અને સલામતી અંગે કામદોરાનાં નાનાં-નાનાં જૂથો રચાય તે માટે પી.ટી.આર.સી. પ્રયત્નશીલ છે. આવાં જૂથોની ક્ષમતા વિકસાવવાનું અને વિવિધ જૂથો વચ્ચે સંકલનનું કામ એ પી.ટી.આર.સી.ના કામોમાં અગ્રીમતા ધરાવે છે. કામ ઉપર અને એ સિવાય થતી ગંભીર શારીરિક ઈજાઓને લગતા વિવિધ વિષયો પર સંશોધન અને એ અંગે શૈક્ષણિક સાહિત્ય સ્થાનિક ભાષામાં તૈયાર કરવાનું કામ પણ હાથ ધરાશે. આ પુસ્તિકા આ પ્રકારના સંશોધનના પ્રયાસના ભાગરૂપે છે.

પી.ટી.આર.સી.
૪૩, શ્રીનાથધામ ડુપ્લેક્ષ,
દિનેશ મીલ પાછળ,
વડોદરા-૩૯૦ ૦૦૭

લેસર કંપોઝ :
સ્નાયકો સાયન્ટીફીક્સ
૧૦૩, હીમાદ્રી-૨, હાઈકોર્ટ લેન, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૪૦ ૫૭ ૯૫